RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 196, Dt.06-11-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરીકાના પ્રમુખની ચૂંટણીમાં ઈતિહાસ રચાયોઃ ટ્રમ્પની જીત

## અત્યંત રસાકસી બની ગયેલી ચૂંટણીમાં રીપબ્લીકન પાર્ટીએ ચાર વર્ષના ગાળા બાદ ફરી વ્હાઈટ હાઉસ કબ્જે કર્યુંઃ હેરિસનું સ્વપન રોળાયુંઃ રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ તેમના સમર્થકોને સંબોધવા ફ્લોરિડામાં પહોંચ્યાઃતેમની સાથે પત્ની મેલાનિયા અને પ્રચાર સ્ટાફ પણ સ્ટેજ પર જોવા મળ્યો : સમર્થકોમાં હર્ષ ઉલ્લાસની લાગણી

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં અત્યંત રસપ્રદ બની ગયેલી પ્રમુખ પદની ચૂંટણીમાં રીપબ્લીકન ઉમેદવાર અને પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ પ્રમુખની જીત નિશ્ચિત થઈ હોવાના સંકેત છે અને તેઓ અમેરિકાના ૪૭મા પ્રમુખ બનશે. ફોકસ ન્યુઝ એજન્સીએ ટ્રમ્પના વિજયની જાહેરાત કરી હતી અને તેની સાથે જ ઓસ્ટ્રેલીયા સહિતના દેશોમાંથી ટ્રમ્પને અભિનંદનના ફોન મળ્યા છે.

જ્યારે ડેમોક્રેટીક ઉમેદવાર કમલા હેરિસ માટે વ્હાઈટ હાઉસ દુર રહી ગયું છે. અમેરિકી બંધારણ મુજબ ૫૩૦ ઈલેકટોરલ મતમાંથી ટ્રમ્પ ૨૭૭ ઈલેકટોરલ મત મેળવી લીધા હોવાના સંકેત છે. અને કમલા હેરિસ કે જેઓએ વર્તમાન ઉપ રાષ્ટ્રપતિ અને ડેમોક્રેટીક પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે તેઓને છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ૨૧૪ મતો મળ્યા હતા અને હવે પરિણામ આખરી તબકકામાં હોવાના સંકેત છે.



આમ અમેરિકામાં ચાર વર્ષના ગાળા બાદ ફરી એક વખત ટ્રમ્પ શાસન આવશે તે નિશ્ચિત બની રહ્યું છે. પ્રારંભથી જ ટ્રમ્પ મત ગણતરીમાં પોપ્યુલર મત અને ઈલેકટોરલ મતમાં આગળ રહ્યા હતા અને ખાસ કરીને જે સાત સ્વીંગ સ્ટેટ ગણાય છે તેમાં પણ ટ્રમ્પને બહુમતિ મળશે તેવા સંકેત મળી ગયા હતા અને આ રીતે ડેમોક્રેટીક ઉમેદવાર હેરિસ માટે વ્હાઈટ હાઉસ દુર રહી ગયું છે અને અમેરિકા માટે પણ તેના પ્રથમ મહિલા પ્રમુખનો રેકોર્ડ બનશે નહીં તે નિશ્ચિત થઈ ગયું છે.

બીજી તરફ ડેમોક્રેટીક પાર્ટીને અમેરિકી સંસદના ઉપલા ગૃહ સેનેટમાં પણ આંચકો લાગ્યો છે. પ્રખુખ પદની સાથે યોજાયેલા મતદાનમાં રીપબ્લીકન પાર્ટીને બહુમતી મળી ગઈ છે.

સેનેટમાં ૧૦૦ સભ્યોમાં રીપબ્લીકન પાર્ટીના ૫૧ અને ડેમોક્રેટીક પાર્ટીના ૪૯ સાંસદો બેસશે કુલ ૧૦૦ સભ્યોમાંથી ૩૪ની ચૂંટણી યોજાઈ હતી અને તેમાં રીપબ્લીકન પાર્ટીએ જીત મેળવીને પોતાની સત્તા કાયમ કરી છે.

ટ્રમ્પને હવે નવા પ્રમુખ તરીકે આગામી ૪ જાન્યુઆરીના રોજ શપથ લેવડાવાશે તે નિશ્ચિત બની ગયું છે. આમ કાંટાની ટક્કર જેવી બનેલી ચૂંટણીમાં ટ્રમ્પે લગભગ ૫૩.૫ ટકા મતો કબ્જે કર્યા છે જ્યારે કમલા હેરિસને ૪૬.૧ ટકા મતો મળ્યા છે. ટ્રમ્પની જીત સાથે ભારતીય શેરબજારમાં પણ સેન્સેકસને જબરો વેગ મળી ગયો છે.

# રશિયાના પ્રમુખ પુતિને ફરી મોદીના વખાણ કર્યા

■ ભારત સાથેના સંબંધો નવા સ્તરે છે



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મિત્ર દેશો સાથેના દ્વિપક્ષીય સંબંધોની પ્રશંસા કરતા ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ભારત સાથે રશિયાના સંબંધો તાજેતરમાં વ્યૂહાત્મક અને વિશેષાધિકૃત ભાગીદારીના નવા સ્તરે પહોંચ્યા છે.

બ્રિક્સ દેશોના રાજદૂતોને સંબોધતા પુતિને કહ્યું કે, ભારત સાથે રશિયાના સંબંધો તાજેતરમાં વ્યૂહાત્મક વિશેષાધિકૃત ભાગીદારીના નવા સ્તરે પહોંચ્યા છે. આપણા દેશો દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં સાથે મળીને કામ કરે છે.

આ તમામ બાબતોની પુષ્ટિ ૠદ્દ૨૦, જઈઘ અને તાજેતરમાં કઝાનમાં યોજાયેલી ઈછ્ઈઈજસમિટ દરમિયાન વડાપ્રધાન મોદી સાથેની વાતચીતથી થઈ છે.

તેમણે બ્રિક્સ રાજદૂતોને કહ્યું કે અમે તમારી પ્રવૃત્તિને સફળ જોઈને ઉત્સાહિત છીએ. બુર્કિના ફાસો, મલેશિયા, ભારત, નાઈજર, કેન્યા, આર્જેન્ટિના, ઝિમ્બાબ્વે અને અન્ય મિત્ર દેશો સાથે મોસ્કોના સંબંધો પરસ્પર ફાયદાકારક અને આદર પર આધારિત છે.

દરમિયાન, રશિયામાં ભારતના રાજદૂત વિનય કુમારે પણ ગ્રાન્ડ ક્રેમલિન પેલેસના એલેક્ઝાન્ડર હોલમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને તેમનો વિશ્વાસ પત્ર રજૂ કર્યો હતો.

# સાઉદી અરેબીયામાં ઈતિહાસમાં પ્રથમવાર હિમવર્ષા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સાઉદી અરેબિયામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાઉદી અરેબિયાના ભાગો, સામાન્ય રીતે તેના રણ માટે જાણીતા છે, ઈતિહાસમાં પ્રથમ વખત ભારે વરસાદ અને હિમવર્ષાનો સાક્ષી છે. અહેવાલો અનુસાર, અલ-જૌફ પ્રદેશમાં તાજેતરમાં ભારે હિમવર્ષા થઈ છે, જે દેશમાં શિયાળાની અજાયબીનું નિર્માણ કરે છે, જે સામાન્ય રીતે તેના શુષ્ક આબોહવા માટે જાણીતું છે.

આ અભૂતપૂર્વ હિમવર્ષા આ પ્રદેશમાં શરૂ થયેલા ભારે વરસાદ અને કરા વાવાઝોડાની શ્રેણી પછી થઈ હતી.જ્યારે અલ-જૌફ વિસ્તારના લોકો સવારે જાગ્યા તો તેમણે સફેદ બરફનો આશ્ચર્યજનક નજારો જોયો. સાઉદી પ્રેસ એજન્સીએ પ્રકાશિત કર્યું





કે અહીં માત્ર હિમવર્ષા જ નથી થઈ, પરંતુ ધોધ પણ બન્યા છે, જે ખીણોને પુનર્જીવિત કરે છે અને વિસ્તારને જીવનથી ભરી દે છે. આ શિયાળા જેવું દશ્ય પરિવર્તન દર્શાવે છે, કારણ કે દેશ શિયાળામાં પ્રવેશે છે, જે સુંદર વસંત ઋતુને માર્ગ આપે છે જેના માટે અલ-જોફ પ્રખ્યાત છે.

આગામી દિવસોમાં હવામાન ખરાબ રહેશે જોકે, સાઉદીના હવામાન વિભાગે આગામી દિવસોમાં ખરાબ હવામાન ચાલુ રહેવાની ચેતવણી જારી કરી છે. અલ-જૌફના લોકો પણ મોટાભાગના ભાગોમાં તોફાનની અપેક્ષા રાખી શકે છે.

આગાહી મુજબ, વધુ ભારે વરસાદ અને કરા પડવાને કારણે વિઝિબિલિટી ઘટી શકે છે. આ વાવાઝોડા સાથે જોરદાર પવનની પણ શકયતા છે, જેના કારણે અધિકારીઓને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સાઉદી અરેબિયા એકમાત્ર એવો દેશ નથી કે જ્યાં અસામાન્ય હવામાનનો અનુભવ થાય. અગાઉ યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) પણ આવા જ હવામાન ફેરફારોમાંથી પસાર થઈ ચૂકયું છે. ૧૪ ઓક્ટોબરના રોજ, યુનાઈટેડ આરબ અમીરાતના નેશનલ સેન્ટર ઓફ મીટીરોલોજી (એનસીએમ) એ ઘણા વિસ્તારોમાં અપેક્ષિત વરસાદ, તોફાન અને અતિવૃષ્ટિની સંભાવના અંગે ચેતવણી જારી કરી હતી. અઅઊ હવામાન વિભાગે આ ફેરફારોને અરબી સમુદ્રથી ઓમાન તરફ વિસ્તરેલી નીચા દબાણ પ્રણાલીને આભારી છે, જેણે સમગ્ર પ્રદેશમાં હવામાનની સ્થિતિને અસર કરી છે.

# મુખ્યમંત્રી અમરેલી જિલ્લામાં ૧૨૨ કરોડનાં વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત

## સાવરકુંડલા યાર્ડમાં પ્રતિમાનું અનાવરણ સાથે નાવલી નદીનાં રિવરફ્રન્ટનું ખાતમુહૂર્ત, માનવ મંદિર, હોસ્પિટલની મુલાકાત બાદ અમૃતવેલ ગામે ભાગવત સપ્તાહમાં કથાનુ શ્રવણ કર્યુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું અમરેલી એરપોર્ટ ખાતે આજે સવારે આગમન થતા તેમનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાવરકુંડલાની નાવલી નદીનું અંદાજે રૂપિયા ૨૫ કરોડના ખર્ચે નિર્મિત થનાર રિવરફ્રન્ટ સહિતના કુલ રૂપિયા ૧૨૨ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલી એરપોર્ટ ખાતે આવી પહોંચતાનું સાંસદ ભરતભાઈ સુતરિયા, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર સહિતના મહાનુભાવોએ ઉમળકાભેર આવકાર્યા હતા.

બાદમાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલીથી મોટર માર્ગે સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ગામે પૂ. જીજ્ઞેશ દાદાની કથામાં મુખ્યમંત્રીએ હાજરી આપી હતી. કથામાં હાજરી આપ્યા બાદ સાવરકુંડલા ખાતે રિવરફ્રન્ટનું કરશે ખાત મુહર્ત કરવા માટે પહોંચી ગયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સાવરકુંડલા ખાતે રુ.૧૨,૨૨૨ લાખના વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી તાલુકાના ચાડીયા મુકામે જળસિંચન માતૃ વંદના કાર્યક્રમ યોજાશે મુખ્યમંત્રી સાવરકુંડલા મુકામે ધાર્મિક સ્થળોએ દર્શન અને મુલાકાત કરશે અમરેલી તા.૦૪ નવેમ્બર, ૨૦૨૪ (સોમવાર) નૂતન વર્ષના પ્રારંભે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને ચાડીયા મુકામે મંગળવારે તા. ૦૫ નવેમ્બર, ૨૦૨૪ના રોજ પધારશે.

મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સાવરકુંડલા ખાતે રુ.૧૨,૨૨૨ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયું હતું અમરેલી એરપોર્ટ પર મુખમંત્રી સ્વાગત કરાયું હતું સાવરકુંડલા મુકામે સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના રુ.૧૦,૩૮૫ લાખના ખાતમુહૂર્ત અને માર્ગ અને



મકાન વિભાગ પંચાયતના ૪૯૦ લાખ રુપિયાના લોકાર્પણ અને રુ.૧,૩૪૭ લાખના ખાતમહૂર્ત કર્યું હતું સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના સાવર વિભાગમાં અંદાજે ૩૦ વર્ષ પહેલાં ભૂગર્ભ ગટરનું કામ કરવામાં આવ્યું હતું. આ વિસ્તારોમાં મકાનની સંખ્યા તથા વસ્તી વધતા ભૂગર્ભ ગટર સુધારણાની જરુરિયાત હતી. જેથી આ વિસ્તારમાં રુ.૫,૬૭૨ લાખના ખર્ચે ૬૭ કિ.મી. લંબાઈ ધરાવતી ૨,૨૯૫ ચેમ્પર અને ૦૩ ભૂગર્ભ પંપીંગ સ્ટેશન ધરાવતી ભૂગર્ભ ગટર યોજના ભાગ ૦૨નું ખાતમુહૂર્ત થયું હતું

# હિન્દુ મંદિરમાં હિંસાનો મામલો કેનેડાની સંસદમાં ઉછળ્યો : ટ્રુડો ભીંસમાં

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેનેડાનાં બ્રેમ્પટનમાં મંદિરમાં હાલમાં જ થયેલી હિંસા પર મંગળવારે દેશની સંસદમાં નેતાઓના નિવેદનો આવ્યા છે. પીએમ જસ્ટીન ટ્રુડોએ બ્રેમ્પટનનાં હિન્દૂ શબ્દનો ઉલ્લેખ પોતાનાં ભાષણમાં નહોતો કર્યો. પીએમે શીખો અને હિન્દુઓનાં દક્ષિણ એશીયાઈ સમુદાય કહીને એ વાત પર જોર આપ્યુ કે હિંસા કરનારાને કોઈ ધર્મનાં પ્રતિનિધિ તરીકે ન જોવા જોઈએ. ટ્રુડોએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાંક દિવસોમાં અમે દક્ષિણ એશીયાઈ સમુદાયોમાં હિંસા જોઈ છે. જેની અમે નિંદા કરીએ છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હું બિલકુલ સ્પષ્ટ કહી દઉ છુ કે જે લોકો હિંસા અને નફરત ભડકાવે છે તેઓ કોઈપણ રીતે શીખ કે હિન્દૂ સંપ્રદાયનું



પ્રતિનિધિત્વ નથી કરતા.

જોકે સંસદમાં વિપક્ષ નેતા પિયેટ પોઈલીવરે જસ્ટીન ટ્રુડોને ઘેર્યા હતા. તેમણે કહ્યું હતું કે તેમણે બ્રેમ્પટનમાં હિન્દુ મંદિરમાં થયેલી હિંસા પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે આખરે શા માટે આવી ઘટનાઓ બને છે.પોઈલવે આરોપ લગાવ્યો હતો કે, ટ્રુડો દક્ષિણ એશીયાઈ સમુદાયે તેના હિંસાનો ઘરેલૂ આર્થિક મુદ્દાથી ધ્યાન ભટકાવવા માટે ઉપયોગ કરે છે.વડાપ્રધાન ટ્રુડો સતામાં આવ્યા તે પહેલા આવી કોઈ ઘટના નહોતી બનતી. એવુ લાગે છે કે તેમણે લોકોમાં ભાગલા પાડવાનું કામ કર્યુ અને આ ભાગલાને પરીણામે હિંસા છે.

# ચૂંટણી પહેલાં ઝારખંડમાં પણ ભાજપે કાતર ફેરવી, 30 બળવાખોરોને પાર્ટી બહારનો રસ્તો બતાવ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઝારખંડમાં પહેલા તબક્કાના મતદાન પહેલા ભાજપે આકરું વલણ અપનાવ્યું છે. પાર્ટીએ જાહેર ઉમેદવારો વિરુદ્ધ ઉમેદવારી પત્ર ભરનાર 30 નેતાઓને પાર્ટીથી કાઢી મૂક્યા છે. તેની જાણકારી પાર્ટીએ એક નિવેદન દ્વારા આપી. ભાજપે જણાવ્યું કે વિભિન્ન વિધાનસભા બેઠકો પર પાર્ટી ઉમેદવારો વિરુદ્ધ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડનાર 30 નેતાઓને કાઢી મૂકાયા છે.

પાર્ટીએ જણાવ્યું કે તમામ બળવાખોર ભાજપ નેતાઓને છ વર્ષ માટે પાર્ટીથી કાઢી મૂકાયા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ બાબુલાલ મરાંડીના આદેશ પર મહામંત્રી અને સાંસદ ડો.પ્રદીપ વર્માએ વિધાનસભા ચૂંટણીમાં અધિકૃત ઉમેદવારો વિરુદ્ધ ઉમેદવારી પત્ર ભરીને પાર્ટીની નીતિઓ વિરુદ્ધ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ઉમેદવારો વિરુદ્ધ ચૂંટણી લડી રહેલા આવા 30 ભાજપના બળવાખોર નેતાઓને પાર્ટીથી છ વર્ષ માટે હાંકી કઢાયા છે. ભાજપ પ્રદેશ કાર્યાલયથી જાહેર ખબર અનુસાર ચંદ્રમા કુમારી પલામૂ, કુમકુમ દેવી હજારીબાગ, લક્ષ્મી દેવી પલામૂ, જૂલી યાદવ દુમકા, બલવંત સિંહ લાતેહાર, અરવિંદ સિંહ ખરસાવાં, બટેશ્વર મહેતા, હજારીબાગ, ભૈય્યા બાંકે બિહારી હજારીબાગ, ચિત્તરંજન સાવ બોકારો, કર્નલ સંજય સિંહ પલામૂ, હર્ષ અજમેરા હજારીબાગ, હજારી પ્રસાદ સાહૂ રાંચી ગ્રામીણ, મિસિર કુજૂર ગુમલા, મિસ્ત્રી સોરેન પાકુડ, મુકેશ કુમાર શુકલા પાકુડ, પુષ્પરંજન



પલામૂ અને રાજકુમાર સિંહ જમશેદપુર મહાનગરને કાઢી મૂકાયા છે.

આ સિવાય રામાવતાર કેરકેટ્ટા રાંચી ગ્રામીણ, રામદેવ હેમ્બ્રમ પૂર્વી સિંહભૂમ, રામેશ્વર ઉરાંવ લોહરદગા, સંતોષ પાસવાન લાતેહાર, શિવચરણ મહતો પાકુડ, શિવશંકર બડાઈક ખૂંટી, શિવ શંકર સિંહ જમશેદપુર, સુરેન્દ્ર મોદી હજારીબાગ, ઉપેન્દ્ર યાદવ ગઢવા, ઉમેશ ભારતી ચતરા, વિકાસ સિંહ જમશેદપુર મહાનગર, વિમલ બૈઠા જમશેદપુર મહાનગર, વિનોદ સિંહ પલામૂને પણ પાર્ટીથી છ વર્ષો માટે હાંકી કઢાયા છે. ઝારખંડની ૮૧ સદસ્યીય વિધાનસભા માટે ચૂંટણી ૧૩ અને ૨૦ નવેમ્બરે બે તબક્કામાં થશે, જ્યારે મતગણતરી ૨૩ નવેમ્બરે થશે.

# સોસાયટીમાં સભ્યો વચ્ચેનો આંતરિક વિવાદ ‘રેરા’ના કાર્યક્ષેત્રમાં નથી : મહત્વપૂર્ણ ચુકાદો

## છત પરથી ટપકતા પાણી – ભેજ મામલાના કેસમાં ગુજરેરાએ અરજી ફગાવી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ૠઞઉંછઊછઅ) અમદાવાદના ઈસ્કોન ક્રોસ રોડ પર અગ્રણી શિવાલિક શિલ્પ બિલ્ડિંગનાએ દુકાનના માલિકને કોઈ રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. દુકાન માલિકે બિલ્ડર અને તેની દુકાનની અંદર પાણી લીક કરવા બદલ ઉપરના માળે આવેલા સ્પાના માલિકોના બે કબજેદારો સામે ફરિયાદ કરી હતી.

દુકાનદારે ફરિયાદ કરી હતી કે સ્પાના માલિકો આખો દિવસ તેમના બાથટબમાં પાણી ભરે છે અને તેના કારણે તેમના શોપની સિલિંગમાં પાણી ટપકતું હોવાની ફરિયાદ કરીને માલિકે ત્રણેયની સામે દાદ માંગી હતી.

જો કે, ગુજરેરાએ ચુકાદો આપ્યો હતો કે, વિવાદ તેના કાર્યક્ષેત્રમાં નથી કારણ કે તે ડેવલપર અને એલોટી વચ્ચે નથી અને વિવાદ બિલ્ડિંગના બે સભ્યો વચ્ચેનો છે. આમ રેરાએ અરજી ફગાવી દીધી હતી.

કેસની વિગતો મુજબ, રમેશ મરાંદ નામના દુકાનદારે છઊછઅ સમક્ષ ૠજજ ઓર્ગેનાઈઝર્સ કકડ- બિલ્ડિંગના પ્રમોટર,શિલ્પ બિલ્ડિંગના પહેલા માળે આવેલા મેરાકી થાઈ સ્પાના કબજેદાર અને શિવાલિક લિલી સ્પા સામે દાવો દાખલ કર્યો હતો.

મરંડે હિતેશ વાસુદેવ નામના અગાઉના માલિક પાસેથી ગ્રાઉન્ડ




ફ્લોર પરની દુકાન ખરીદી હતી અને ફર્નિચર અને ડેકોરેટિવનું કામ કરીને ત્રિધ્યા ફેશનનો ધંધો શરૂ કર્યો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. તે સમયે છત પરથી પાણી ટપકતું હતું અને તેના કારણે ભેજ સહિતની તકલીફ સર્જાઈ હતી.તેમણે વધુમાં જણાવ્યું કે, તેમની દુકાનની ઉપર કબજેદાર દ્વારા બે સ્પા ચલાવવામાં આવે છે અને તેઓ આખો દિવસ બાથટબ પાણીથી ભરેલા રાખે છે. તેણે હેત-ચિંત હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડને ફરિયાદ કરી હતી, જે આ પ્રોજેક્ટનું સંચાલન કરે છે, પરંતુ કોઈ ઉકેલ આવ્યો ન હતો.

એકવાર તેઓએ વોટર પ્રૂફિંગનું કામ કર્યું હતું પરંતુ સમસ્યાનું નિરાકરણ આવ્યું ન હતું. પ્રમોટરે નિયમો મુજબ સર્વિસ સોસાયટી બનાવી ન હોવાથી અને સબ-સ્ટાન્ડર્ડ બાંધકામ હોવાથી, છઊછઅએ નુકસાની માટે વળતરનો આદેશ જારી કરવો જોઈએ.

બીજી બાજુ પ્રમોટરે રજૂઆત કરી હતી કે તેઓએ ૨૦૧૬માં પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે અને સર્વિસ સોસાયટી બનાવીને મેનેજમેન્ટને સોંપી દીધું છે.

# જાફરાબાદ પંથકમાં માસુમ બાળકીને ફાડી ખાનાર સિંહર પાંજરે પુરાઈ

## ગ્રામજનો,વન વિભાગની સાથે ધારાસભ્ય પણ લાકડી અને લાઈટ વડે અવશેષો શોધવા નીકળ્યા

**મુખ્ય સમાચાર,રાજુલા**

જાફરાબાદના ખાલસા કંથારીયા મુકામે સાત વર્ષની બાળકીને સિંહણ ઉપાડી જતા અફડાતફડી જવા પામી હતી ઘટનાની જાણ થતા ગ્રામજનો વન વિભાગ ઘટના સ્થળે દોડી ગયો હતો અને બાળકીને શોધવા માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. બાદમા વનવિભાગે સિંહણને પાંજરે પુરી હતી.



જાફરાબાદના ખાલસા કંથારીયા મુકામે આવેલા વાડી વિસ્તારમાં સાત વર્ષની બાળકી કિર્તીબેન નસ્રા મુન્નાભાઈ ધાપા પોતાની વાડી તરફથી ઘર તરફ આવી રહી હતી તે - સમયે દરમિયાન સિંહણ દ્વારા બાળકી પાર હુમલો કરવામાં આવતા - તેમના માતા પિતાએ શોધખોળ કરી વનવિભાગ તથા ગ્રામજનો ને જાણ કરી હતી બાદમાં આખી ટિમ દ્વારા આ બાળકીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી

ઘટનાની જાણ થતાં ધારાસભ્ય - હીરા સોલંકી પણ ઘટના સ્થળે દોડી ગયા હતા આખી ટિમ દ્વારા બાળકીની શોધખોળ શરૂ કરી હતી થોડે દુર જતા બાળકીના પીઠની નીચેનો ભાગ મળી આવ્યો હતો બાદમાં નક્કી થઈ ગયું કે ચોક્કસ બાળકી મૃત પામી છે આખી રાત ચાલેલી શોધખોળ બાદ અંતે તમામ મૃતદેહોના ભાગ મળી આવતા જાફરાબાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ હતી બાદ વનવિભાગે સિંહણને પાંજરે પુરી હતી.

# ગીરગઢડાના નાળિયેરી મોલીગામે ડોબરીયા પરિવાર દ્વારા શ્રી મદ ભાગવત આયોજન



રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના

ગીર ગઢડા તાલુકાના નાળિયેરી મોલી ગામે ડોબરીયા પરિવાર દ્વારા આયોજીત શ્રી મદ ભાગવત જ્ઞાનયજ્ઞ યજ્ઞશાળા આયોજન કરવામાં આવ્યું તેમાં માનનીય ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા જેમાં પાતાપર ગ્રામ પંચાયત સરપંચ શ્રીઅરુણાબેન અશોકભાઈ છોડવડીયા તેમજ અશોકભાઈ છોડવડીયા સમાજના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા આયોજનમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડનું સન્માન કરવામાં આવ્યું જેમાં પાતાપર ગ્રામ પંચાયતના સરપંચ શ્રીનું પણ સન્માન કરવામાં આવ્યું આ ભવ્ય આયોજનમાં ડોબરીયા પરિવાર દ્વારા આ ભગવત સપ્તાહનું આયોજન કરતા જેમાં આજુબાજુ ગ્રામ્ય વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ ધાર્મિક પ્રસંગે સમાજના આગેવાનોની પણ મોટી હાજરી જોવા મળી હતી તેમાં દરેક સમાજના આગેવાનોનો પણ સન્માન આ ધાર્મિક પ્રસંગે કરવામાં આવ્યું હતું

# હળવદ પાસે ભચાઉના SRP ગૃપના Dy.SP પીધેલા ઝડપાયા: અકસ્માત થતાં કારમાંથી દારૂ મળ્યો

## પોલીસે બાર લાખની કાર અને છસો રૂપિયાનો દેશી દારૂ સાથે એકની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ નજીક આવેલા રણજીતગઢ ગામ ના પાટિયા પાસે નવા વર્ષ ની શરૂઆતે અને રવિવારે મોડી રાત્રે ના દોઢેક વાગ્યે અકસ્માત બનાવ બન્યો હતો.જેમાં જજી-ત્ર ઉ.જી-હહ અકસ્માતગ્રસ્ત કારમાંથી દેશી દારૂ મળી આવતા ઉ.જી સામે દારૂ સબબ અને અકસ્માત અંગે ગુનો નોંધી હળવદ પોલીસ દ્વારા આરોપી ની અટક કરી આગળની તપાસ શરૂ કરાઈ છે.

બનાવ ની વધુ મળતી માહિતી મુજબ ગત રવિવાર ની મોડી રાત્રી ના દોઢ વાગ્યા ના સુમારે ભચાઉ જજી કેમ્પના ઉ.જી



એસ.એસ.બામણીયા પોતાની ક્રેટા ગાડી સાથે કચ્છ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન હળવદ ના રણજીતગઢ ગામ ના પાટિયા પાસે રોડ ની સાઈડ માં ઉભેલી અન્ય એક કાર સાથે પોતાની કાર અથડાવી અકસ્માત સર્જ્યો હતો ઘટના ની જાણ હળવદ પોલીસ ને થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરતાં અકસ્માત સર્જનાર કાર ચાલક ભચાઉ એસઆરપી ગૃપમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા સુરેશભાઈ બામનીયા પીધેલી હાલતમાં ઝડપાયા હતા.તેમની પાસેથી ચાર બોટલ દેશી દારૂ ભરેલ અને એક બોટલ ખાલી કબ્જે કરવામાં આવી હતી જેથી હળવદપોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે પોલીસે દારૂ તેમજ કાર મળીને હાલમાં કુલ ૧૨,૦૦,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ડીવાયએસપીની જીજે ૨૦ સીએ ૬૨૨૪ નંબરની કાર જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કચ્છના ખારોઈ પાસેની નર્મદા કેનાલમાં સગીર ડૂબતાં બચાવવા ગયેલા અન્ય ૩ પણ ડૂબ્યા

## બેના મૃતદેહ મળ્યા : અન્ય બેની શોધખોળ : વાગડ વિસ્તારમાં બનેલી ઘટનાથી પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કચ્છ જિલ્લાના રાપર તાલુકા પંથકમાં તહેવારો હોવા છતાં પણ શ્રમિક પરિવારો ખેતરોમાં તનતોડ મહેનત કરી રહ્યો હતો. ત્યારે સોમવારે રાપરના ખારોઈ ગેડી નજીક નર્મદા કેનાલ પસાર થઈ રહી છે. તેની નજીક ખેતરો આવેલા છે. તે ખેતરમાં કામ કરતા શ્રમિક પરિવારનો ૧૭ વર્ષનો પુત્ર ન્હાવા માટે પડયો હતો. ત્યારે તે ડુબવા લાગતા તેને બચાવવા માટે શ્રમજીવી પરિવારનો પરિચિત કુદી પડયો હતો. પરંતુ તે પણ ડુબવા લાગતા બન્નેને બચાવવા માટે અન્ય બે લોકો કેનાલમાં કુદી પડ્યા હતાં. જેમાં ચારેય લોકો લાપતા બન્યા હતા. શોધખોળના અંતે બેના મૃતદેહો હાથ લાગ્યા હતાં. હજુ પણ લાપતા બે લોકોના મૃતદેહોની ફાયર બ્રિગેડ દ્વારા



શોધખોળ ચાલી રહી છે.

અંગે રાપર તાલુકા પંચાયતના આસિસ્ટન્ટ ટીડીઓ હુસેન જીયેજા સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે, સોમવાર બપોરે તાલુકાના ગેડી થાનપર વચ્ચેના શકટિંગર વિસ્તારમાં આવેલી વાડીમાં ખેત મજૂરીનું કામ કરતા મૂળ રાજસ્થાનના શ્રમજીવી પરિવારનો સગીર નજીકની કેનાલમાં પડી જતા તેને બચાવવા અન્ય પરિજન કુદ્યો હતો. આ સમયે બચાવો બચાવોની બુમો સાંભળી તેમના અન્ય સ્વજન પણ કેનાલના પાણીમાં બચાવવા માટે કૂદી પડ્યા હતા. હાલ સ્થાનિક તરવૈયાઓ દ્વારા લાપતા બે વ્યક્તિની શોધખોળ ચાલી રહી છે. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ બચાવવા પડેલા શેરસિંગ બાબુભાઈ ઉ.વ.૪૦ અને અનુજા કલુખાન જોગી ઉ.વ.૧૭ના મૃત્યુ નિપજ્યા છે. જ્યારે લાપત્તા શબીર કલુખાન જોગી ઉ.વ.૨૧ અને સરફરાજ મોસમ જોગી ઉ.વ ૩૬ની શોધખોળ ચાલી રહી છે. રાપર પીઆઈ જે. બી.બુબડીયા, હેડ કોન્સ્ટેબલ વણવીર ચૌધરી, હેડ કોન્સ્ટેબલ મનહર ચૌધરી અને પ્રકાશ ચૌધરી વગેરે સ્થળ પર પહોંચી શોધ પ્રક્રિયામાં ઝડપ લાવવા કાર્યરત હોવાનું જાણવા મળ્યું હતું.

# દસાડા પાસે દારૂ ભરેલી બુટલેગરની કારનો પીછો કરતાં SMCની કારને નડ્યો અકસ્માતઃ PSIનું મોત

## દારૂ ભરેલી ક્રેટા કાર રોકવા જતાં જવાનોની કાર ટ્રેલર પાછળ ઘુસી ગઈઃ અધિકારીઓની હાજરીમાં ગાર્ડ ઓફ ઓનર અપાયું

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

રાજસ્થાન તરફથી એક કારમાં બુટલેગર દારૂનો જથ્થો લાવતો હોવાની બાતમી પરથી એસએમસીના પીએસઆઈ તથા તેમનો કાફલો વોચમાં ગોઠવાઈ ગયો હતો. ત્યારે દસાડા પાસે આ કારનો એસએમસીની ટીમ પીછો કરી રહી હતી. ત્યારે આગળ જતાં ટ્રેલર સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ પઠાણનું ગંભીર ઈજાઓ થવાથી મોત નિપજ્યું હતું. જ્યારે અન્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ પોલીસ બેડામાં ભારે શોક છવાઈ ગયો છે. મૃતક ફોજદાર પઠાણને અધિકારીઓની હાજરીમાં ગાર્ડ ઓફ ઓર્નર આપવામાં આવ્યું હતું. તેમની દફન વિધિ કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગરના દસાડા તથા કઠાડા ગામ રોડ વચ્ચે મોડીરાત્રે જખઈમાં ફરજ બજાવતા પીએસઆઈ જાહીદખાન મુનસફખાન પઠાણ (ઉં.વ.૫૦)ને અકસ્માત થતાં પ્રાથમિક સારવાર માટે વિરમગામ લાવતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા, સાથેના પોલીસકર્મચારી દિનેશભાઈ રાવત (રહે. અમદાવાદ) અને કૃષ્ણદેવસિંહ જાડેજા (રહે. રાજકોટ)ને પણ ઈજા થઈ છે. એ બાબતે દસાડા પોલીસ સ્ટેશન ખાતે હાલ અકસ્માત જાણવા જોગ.૦૪/૨૦૨૪ દાખલ કરી છે.

એસએમસીના ફોજદાર જે.એમ. પઠાણ તથા તેમની ટીમ દારૂની



બાતમી મળતા સુરેન્દ્રનગરના દસાડા નજીક વોચમાં ગોઠવાઈ હતી અને આ દુર્ઘટના સર્જાઈ છે. તે સમયે એસએમસીના વડા નિર્લિપ્ત રાયે જણાવ્યું હતું કે પઠાણને ટિપ મળી હતી કે રાજસ્થાનથી એક કાર દારૂ સાથે ગુજરાતમાં ઘૂસી છે અને સુરેન્દ્રનગર તરફ એ જઈ રહી છે. બાતમી મળતાં જ તેઓ ફોર્ચ્યુનર કાર અને બીજી એક ટીમને લઈને અમદાવાદથી રવાના થયા હતા.

અમારા ઓપરેશન ગુપ્ત હોય છે એટલે અમે હંમેશાં ખાનગી વાહનનો ઉપયોગ કરીએ છીએ. પઠાણ પણ ખાનગી ગાડીમાં હતા અને દસાડા પાસે તેઓ ટીમ સાથે બૂટલેગરની કાર પર વોચ રાખી ઊભા હતા.

# ભાયાવદર સેવા સહકારી મંડળીમાં કૃભકો કંપનીમાં ટેલિગેટ સભ્ય તરીકે બિનહરીફ ચુટાતા પૂર્વ પ્રમુખના પત્ની

**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**અહેવાલ વિજય રાડીયા ભાયાવદર**

ઉપલેટા તાલુકા ના ભાયાવદર સેવ સહકારી મંડળી મા થી ધણા વર્ષ બાદ દિલ્હી ની કૃભકો કંપની મા ટેલીગેટ સભ્ય તરીકે બીન હરીફ ચુટાતા ભાયાવદર નગર પાલીકા ના પુર્વ પ્રમુખ નયનભાઈ જીવાણી ના ધર્મ પત્ની અને સહકારી મંડળી ના સદસ્ય સરોજબેન નયનભાઈ જીવાણી ની ઉપલેટા તાલુકા માથી બીન હરીફ નિમણૂક થયેલ છે આ ચુટણી મા ભાયાવદર શહેર ની સહકારી મંડળી મા ધણા વર્ષ અગાઉ બાબુભાઈ જીવાણી ની પણ બીન હરીફ વરણી થયેલ હતી ત્યારબાદ આ મંડળી માથી જીવાણી પરીવાર ના જ સરોજ બેન નયનભાઈ જીવાણી ની વરણી થતા શહેરમાં હર્ષ ની લાગણી છવાઈ છે મોટી કૃભકો કંપની મા ભાયાવદર શહેર માથી એક





ટેલીગેટ સભ્ય નુ સ્થાન મળતા ખેડુતો ને આનો જબરદસ્ત ફાયદા મળશો

આ ચુંટણી મા સરોજ બેન ને બીન હરીફ ઉમેદવાર બનાવવા માટે જેતપુર કંડોરણા ના ધારાસભ્ય અને રાજકોટ જીલ્લા બેન્ક ના પ્રમુખ પુર્વ કેબિનેટ મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયા રાજકોટ ના પુર્વ સાંસદ સભ્ય મોહનભાઈ કુડારીયા સાહેબ ઉપલેટા માર્કેટ યાર્ડ ના પ્રમુખ હરીભાઈ ઠુમર પુર્વ પ્રમુખ જેનતીભાઈ બરોચીયા રાજકોટ જીલ્લા સંઘ ના ઉપપ્રમુખ દલપત માકડીયા ઢાંક ગામના સહકારી આગેવાન જમનભાઈ ગેડીયા તેમજ વીવીધ ગામળા ની સહકારી મંડળી ના પમુખ અને સદસ્ય ઓ રાજકોટ જીલ્લા ના દરેક સહકારી આગેવાનો નો ભાયાવદર સેવા સહકારી મંડળી ને આ કૃભકો કંપની મા સ્થાન અપાવવા મા આવેલ સાથે સૌરાષ્ટ્ર ભર માથી કુલ ૧૦૧ સભ્ય ચુટાયેલ હોય તેમા એક માત્ર મહીલા ઉમેદવાર તરીકે સરોજ બેન જીવાણી ને બીન હરીફ સભ્ય બનાવવા બદલ ભાયાવદર સેવા સહકારી મંડળી લી અને જીવાણી પરીવાર ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે

# ગીર ગઢડા તાલુકા પંચાયત દ્વારા તાલુકાના ૫ ગામોમાં અનુ.જાતિ વિસ્તારમાં નવા ૫ આંબેડકર હોલ મંજૂર કરવામાં આવ્યા

રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના


ગીર ગઢડા તાલુકા પંચાયત દ્વારા તાલુકા પંચાયત ની ગ્રાન્ટ માથી રૂપિયા ૨૫ લાખ ના ખર્ચે ગીર ગઢડા તાલુકા ના વડવિયાળા, ફાટસર, ઈટવાયા, અંબાડા અને ધ્રાબાવડ એમ કુલ ૫ ગામો ની અંદર આંબેડકર હોલ મંજૂર કરવામાં આવ્યા છે.

ગીર ગઢડા તાલુકા પંચાયત માં હાલ ભારતીય જનતા પાર્ટી ની સત્તા છે, તાલુકા પંચાયત ના સતત એક્ટિવ, હાઈ એજ્યુકેટેડ અને વહીવટી કુશળતા ધરાવતા પ્રમુખ શ્રીમતી ભગવતીબેન પ્રવીણભાઈ સાંખટે જયાંથી પ્રમુખ તરીકે નો ચાર્જ સંભાળ્યો છે,ત્યાર થી જરૂરીયાત મંદ લોકો ને તેમની જરૂરિયાત મુજબ ના વિકાસ ના કામો સરળતા થી મળી રહે , તે અંગે ની સતત ચિંતા કરવામાં આવી રહી છે. ગીર ગઢડા તાલુકો આર્થિક રીતે પછાત તાલુકો છે, આ તાલુકા મા વસતા અનુ. જાતિ સમાજ ને તેમના



નાના - મોટા પ્રસંગો ઉકેલવામાં અવ્યસ્થા નાં કારણે અગવડતા ઊભી થતી હોય છે, સમાજ ના નાના મોટા સામાજિક પ્રસંગો સરળતા થી ઉકેલાય, ખાસ કરી ચોમાસા ની ઋતુ માં અગવડતા ઊભી ન થાય તે બાબત ને ધ્યાને લઈ , ગીર ગઢડા તાલુકા ના વડવિયાળા, ફાટસર, ઈટવાયા, ધ્રાબાવડ અને અંબાડા આમ કુલ ૫ ગામો ની અંદર આંબેડકર હોલ મંજૂર કરવામાં આવ્યા છે, જેના કામો ઝડપ થી પુર્ણ કરી, આગામી સમય માં લોકાર્પણ કરવામાં આવશે.

# જામનગરની જેલમાંથી પેરોલ પર છુટીને ફરાર થઈ ગયેલો ગેંગરેપનો આરોપી નડિયાદથી ઝડપાયો



જામનગર શહેરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૪માં એક યુવતી સાથે ગેંગરેપ કરી તેને મરી જવા માટે મજબૂર કરવા અંગેનો ગુનો નોંધાયો હતો. તેમાં પરેશ ભાચાભાઈ હાથલીચા નામના શખ્સની અટકાયત કરાઈ હતી અને તેને જેલ હવાલે કરાયો હતો. જે આરોપીને ૧૪ દિવસના વચગાળાના જામીન અપાયા હતા, અને પેરોલ પર છૂટ્યા બાદ આરોપી ભાગી છુટ્યો હતો અને લાંબા સમયથી નાસ્તો ફરતો રહ્યો હતો.ઉપરોક્ત આરોપી નડિયાદ વિસ્તારમાં રખડી રહ્યો છે, તેવી બાતમીના આધારે જામનગરની પેરોલ ફર્લો સ્કોવોર્ડની ટુકડીએ નડિયાદમાં ધામા નાખ્યા હતા અને પીપલાદ ચોકડી પાસેથી આરોપીપરેશ હાથલિયાને ઝડપી લેવાયો હતો અને તેને જામનગર લઈ આવ્યા પછી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# વકીલના બંધ મકાનમાંથી દાગીના સહિત રોકડની ચોરી

જામનગરના પંચવટી વિસ્તારમાં જૂની પોસ્ટ ઓફિસ નજીક રહેતા એડવોકેટ દિવાળીની રજામાં બહારગામ ગયા હોય ચારેક દિવસ બંધ પડેલા મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા અને પાછળ આવેલી દીવાલ ઠેકીને રસોડાના દરવાજાનું તાળુ તોડી સોનાના પોણા ચાર તોલાના દાગીના, ૧૦૦ ગ્રામ ચાંદી તથા રૂ.૧૦ હજાર રોકડાની ચોરી કરી લઈ ગયા હતાં. બહારગામથી પરત ફરતા એડવોકેટને બનાવની જાણ થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જામનગરના પંડિત નહેરૂમાર્ગ પર આવેલી પંચવટી સોસાયટીમાં જૂની પોસ્ટ ઓફિસ પાસે રહેતા એડવોકેટ કેતનભાઈ પ્રવીણભાઈ જોષીના મકાનમાં કાળી ચૌદશની બપોરે દોઢ વાગ્યાથી ભાઈબીજની સાંજ સુધીમાં તસ્કરો ત્રાટકયા હતાં. પરિવાર તહેવારોમાં બહારગામ ગયો હતો. તેઓના બંધ પડેલા મકાનમાં તા.30ની બપોરથી તા.3ની સાંજ સુધીમાં કોઈ તસ્કરે પાછળના ભાગમાં આવેલા રસોડાના દરવાજામાં બારેલુ તાળુ તોડી નાખી હાથફેરો કર્યો છે. રસોડા વાટે મકાનમાં પ્રવેશી તસ્કરે એક ઓરડામાં રાખવામાં આવેલો લાકડાનો કબાટ તોડ્યો હતો. તેના અંદરના ખાનામાંથી અંદાજે ૩૮ ગ્રામ વજનના સોનાના દાગીના તેમજ ચાંદીના સાંકળા અને ચાંદીનો લોટો મળી ૧૦૦ ગ્રામ ચાંદી અને રૂ.૧૦ હજાર રોકડા ઉઠાવી લીધા હતા. ઘેર પરત ફરેલા કેતનભાઈને ચોરીની જાણ થતાં તેઓએ રવિવારે રાત્રે પોલીસને વાકેફ કરી હતી. ધસી ગયેલી પોલીસ ટીમે તપાસ શરૂ કરી છે અને કેતનભાઈની ફરિયાદ પરથી કુલ રૂ.૫૯ હજારની મત્તા ચોરાઈ ગયાનો ગુન્હો નોંધ્યો છે.

# ભાઈબીજના દિવસે માંડવીના બીચ પર ફરવા ગયેલા પિતા-પુત્રના ડૂબી જવાથી મોત



ભાઈબીજના સપરમાં દિવસે આજ પ્રકારે અંજારથી પરિવાર સાથે દરિયાની મોજ માણવા આવેલા અંજારના પિતા પુત્ર માટે દરિયો ઘાતક નીવડ્યો હોવાનું સામે આવ્યું છે. બનાવના પગલે પરિવાર ઉપર આભ તૂટી પડ્યું છે, તો ઘટનાની ખબરથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ છે. આ અંગે સ્થાનિકે તપાસ કરતા ઘટના બપોરના ૪ થી ૪.30 વાગ્યાની આસપાસ બની હતી જેમાં દરિયાના પાણીમાં નાહવા પડેલા પિતા અને પુત્ર ડૂબવા લાગ્યા હતા. માંડવી શહેરના સુરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે પ્રથમ દરિયાના પાણીમાં ડૂબી રહેલા અંજારના ૪૦ વર્ષીય કિશોર ગંગાજી મહેશ્વરીને સ્થાનિક તરવૈયાઓએ પાણીમાંથી બહાર લાવી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયા હતા જ્યારે અંદાજીત ૧૨ વર્ષીય બાળક દરિયાના પાણીમાં ગરક થઈ જતા તેની સાંજ સુધી શોધખોળ હાથ ધરાઈ હતી. બનાવની જાણ થતાં વહીવટી તંત્રના અધિકારીઓ અને પોલીસ તંત્ર દોડી આવ્યું હતું. જોકે ઘટનામાં બન્ને પિતા પુત્રના મૃત્યુ થયા હતા. બન્ને હતભાગીના મતુતદેહને હાલ પોસ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં રાખાયા છે. આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

# મોરબીમાં પરશુરામ ધામ ખાતે ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



મોરબીના નવલખી રોડ સ્થિત પરશુરામ ધામ ખાતે ભવ્ય સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મભાઈઓએ હાજરી આપી. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં પરશુરામ ધામના પ્રમુખ ભૂપતભાઈ પંડ્યા, ડો. અનિલભાઈ મહેતા, રવીન્દ્રભાઈ ત્રિવેદી, હસુભાઈ પંડ્યા, જગદીશભાઈ ઓઝા, ડો. બી.કે. લેહરુ, ડો. રાજુભાઈ ભટ્ટ, વિનુભાઈ ભટ્ટ, આર.કે. ભટ્ટ, મુકુંદભાઈ જોશી, પ્રશાંતભાઈ મહેતા, નીલાબેન પંડિત અને કલ્પનાબેન શર્મા સહિતના વિખ્યાત બ્રહ્મભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો અને પરશુરામ ધામની સ્વચ્છતા માટે પ્રતિબદ્ધ રહી, સ્વચ્છતા શપથ પણ લીધા. કાર્યક્રમને સફળ બનાવવા માટે નીરજ ભટ્ટ અને ચિંતન ભટ્ટે વિશેષ યોગદાન આપ્યું હતું

# જામનગર શહેરની હોટલમાં બેસીને ઓનલાઈન ફ્રોડના નાણા સગે-વગે કરતા ચાર શખ્સોને દબોચી લીધા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જામગનરમાં પોલીસે દિગ્વિજય પ્લોટમાં આવેલી કૈલાસ હોટલમાં દરોડો પાડી ઓનલાઇન ફ્રોડ આચરતી આતરરાજ્ય ગેંગના ચાર શખ્સોને પકડી પાડતા ભારે ચકચાર જાગી છે. પોલીસે લેપટોપ, સીમકાર્ડ સહિતની મતા કબ્જે કરી છે. આ શખ્સો પોતાના બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવી મળતિયાઓના ખાતામાં મોકલાવી દેતા હતાં. દરોડા દરમ્યાન અન્ય બે શખ્સના પણ નામ ખૂલ્યા છે. જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં આવેલી ઓશવાળ હોસ્પિટલ સામે કૈલાસ હોટલમાં રૂમ નં.૨૦૯ માં ઉતરેલા શખ્સો કેટલાક વ્યક્તિઓ સાથે ઓનલાઈન ફ્રોડ કરી તેના નાણા સગેવગે કરવાની તજવીજ કરી રહ્યા હોવાની બાતમી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના હે.કો. કે.વી. જાડેજા તથા એસઓજીના બી.એમ. જાડેજાને મળતા પી આઈ બી.એન. ચૌધરી તથા પીઆઈ આઈ.એ.



ધાસુરાને જાણ કર્યા બાદ સાયબર ક્રાઈમ પોલીસની ટીમે હોટલમાં દરોડો પાડ્યો હતો. જેમાં રૂમ નં.૨૦૯ની તલાશી લેતા રાહુલ હીરાભાઈ નારોલા (રહે. વરાછા-સુરત, મૂળ અમરેલીના દામનગર), એમ.ડી. બાદશાહ એમ.ડી. નાસીર (રહે. બેન્ડેલ, જિ. હુગલી, રાજ્ય પ. બંગાળ), અવિનાશ પ્રસાદ ઓમપ્રકાશ મહંતો (રહે. બડગામ, જિ. રામગઢ, રાજ્ય ઝારખંડ) તથા જામનગરના તુષાર ઘેટીયા (રહે. કૃષ્ણનગર), સુરતના ભાર્ગવસિંહ ચુડાસમા, જોધપુરના રાજ ચંપાવત નામના શખ્સો મળી આવ્યા હતા. આ શખ્સો પાસેથી ત્રણ ચેકબુક, જુદી જુદી બેંકના આઠ ડેબીટ કાર્ડ, લેપટોપ, ટેબ્લેટ, છ મોબાઈલ, ત્રણ સીમકાર્ડ કબ્જે કરવામાં આવ્યા છે. આ શખ્સો પોતાનો ઈરાદો પાર પાડવા માટે ઓનલાઈન ફ્રોડ કરી બેંક એકાઉન્ટમાં ઓનલાઈન નાણા ટ્રાન્સફર કરાવી તે રકમ પોતાના મળતીયાઓના ખાતામાં મોકલાવી આપતા હોવાનું ખૂલ્યું છે. આથી પોલીસે તમામ શખ્સોની પૂછપરછ શરૂ કરી છે. વધુ બે શખ્સોના નામ ખૂલતા શોધખોળ હાથ ધરી છે.

# મોરબી પાસે બેલા ગામે પત્નીની હત્યા કરનાર પતિ વતનમાંથી ઝડપાયો

મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં મધ્યપ્રદેશની વતની પરિણીતાના ચારિત્ર્ય ઉપર શંકા કરી પતિએ છરીના ઘા ઝીકી પત્નીને મોત ઘાટ ઉતારી નાખવાના બનાવમાં મોરબી તાલુકા પોલીસે હત્યારા પતિને અણીયારી ટોલનાકા નજીકથી ઝડપી લીધો હતો. મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલ મુરાનો સિરામિક ફેકટરીના લેબર ક્વાટર્સમાં ભાઈબીજના દિવસે બપોરના સમયે મધ્યપ્રદેશના વતની ધાપુબેન કનૈયાલાલ માલવીય નામના મહિલાની ગળાના ભાગે છરીના ઘા ઝીકી તેણીના જ પતિ આરોપી કનૈયાલાલ ઉર્ફે ક્રિષ્ના ગોકુલપ્રસાદ માલવીયાએ હત્યા કરી નાખતા બનાવની જાણ થતા જ મોરબી તાલુકા પોલીસે ગુન્હો નોંધી આરોપીને પકડી પાડવા તજવીજ શરૂ કરી હતી જેમાં આરોપી કનૈયાલાલ ઉર્ફે ક્રિષ્ના અણીયારી ટોલનાકા નજીકથી વતનમાં જવાની ફિરાકમાં હોવાની બાતમીને આધારે તાલુકા પોલીસ ટીમે આરોપીને ઝડપી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, મૃતક ધાપુબેન છેલ્લા છ સાત મહિનાથી તેમના વતનમાં રહેતા હતા અને ધાપુબેનનો મોબાઈલ ફોન તેણીનાપતિ કનૈયાલાલ પાસે હોય જેમાં કોઈ યુવાનના ફોન આવતા હોવાથી ધાપુબેનના ચારિત્ર્ય ઉપર શંકા કરી આરોપી કનૈયાલાલે ધાપુબેન સાથે ઝગડો કરી તારે તે વ્યક્તિ સાથે શુ સંબંધ છે તેમ કહી ગળાના ભાગે છરીના ઘા ઝીકી દેતા ધાપુબેનનું મૃત્યુ નીપજ્યું હતું.

# લાભ પાંચમે યાર્ડ બહાર વાહનોની ૮ કિમી લાંબી લાઈન

## એક જ દિવસમાં ૧ લાખ ગુણીની આવકથી રાજકોટ યાર્ડ મગફળીથી ઉભરાયું, ટેકાના ભાવ કરતા ઓછા ભાવ મળતા ખેડૂતો નિરાશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડ દિવાળીની રજાઓ બાદ આજે ફરી ધમધમતું થયું હતું. જેમાં મગફળી, કપાસ સહિતની વિવિધ જણસી ભરેલા ૭૫૦ વાહનોની અંદાજે ૮ કિમી લાંબી લાઈન લાગી હતી. આજે લાભ પાંચમના દિવસે બેડી માર્કેટિંગ યાર્ડ ખાતે મુહૂર્તનાં સોદા કરવામાં આવ્યા હતા. જેમાં મગફળીની ૧ લાખ ગુણીની આવક થઈ છે અને રૂ. ૧૨૫૦ સુધીના ભાવ બોલાયા હતા. જો કે, ટેકાનાં ભાવ કરતા ઓછા ભાવ મળતા ખેડૂતોમાં થોડી નિરાશા જોવા મળી હતી. આજે પ્રથમ દિવસે મગફળી ઉપરાંત કપાસ અને સોયાબીન જેવી અન્ય જણસીની પણ ખૂબ સારી આવક થઈ હતી.

રાજકોટ માર્કેટિંગ યાર્ડ દિવાળીની રજાઓ બાદ આજે ફરી ખુલ્યું હતું. જેને લઈને સવારથી યાર્ડ બહાર જુદી જુદી જણસી ભરેલા વાહનોની લાઈન લાગી હતી. જેમાં મગફળી તથા કપાસ અને સોયાબીન સહિત અન્ય જણસીઓ ભરેલા વાહનોની ૮ કિમી લાંબી લાઈન લાગી હતી. અંદાજે ૭૫૦ કરતા વધુ વાહનોમાં મગફળીની ૧,૦૦,૦૦૦ ગુણી, કપાસની ૨૦,૦૦૦ ભારી અને સોયાબીનની ૫૦,૦૦૦ ભારીની આવક દસેક વાગ્યા સુધીમાં નોંધાઈ હતી. આ તકે ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે રાજકોટ માર્કેટ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા સહિતનાં ખાસ હાજર રહ્યા હતા.

જયેશ બોઘરાએ જણાવ્યું હતું કે, આજે લાભ પાંચમનું મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ મગફળીની સૌથી વધુ ૧ લાખ ગુણીની આવક નોંધાઈ હતી. જેમાં હાલ ખેડૂતોને એક મણના રૂ.૧૨૫૦ સુધીનો ભાવ મળ્યો હતો. જો કે, આ ભાવ ટેકાનાં ભાવ કરતા ઓછો છે. પરંતુ હાલ મગફળી પલળી ગયેલી હોવાથી ઓછા ભાવ મળી રહ્યા છે. આગામી સમયમાં ટેકાનાં ભાવની ખરીદી શરૂ થશે. ત્યાં સુધીમાં ખુલ્લી બજારમાં પણ મગફળીનાં ભાવ ટેકાનાં ભાવ કરતા વધી જવાની શક્યતા નકારી શકાય તેમ નથી. ખેડૂતોને કોઈપણ મુશ્કેલી ન પડે અને વધુમાં વધુ સારા ભાવ મળે તે માટે યાર્ડ દ્વારા પ્રયાસો કરાઈ રહ્યા છે.

રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં ડિરેક્ટર અતુલ કમાણીનાં જણાવ્યા મુજબ, આજે લાભ પાંચમનાં મુહૂર્તમાં ખૂબ સારી આવક થઈ છે. હાલ ખેડૂતોને ટેકાના ભાવ કરતા ઓછા ભાવ મળતા નિરાશા જોવા મળી રહી છે. એક તરફ કમોસમી વરસાદનાં કારણે ખેડૂતોને નુકસાન થયું છે. બીજી તરફ પૂરતા ભાવ નહીં મળતા ખેડૂતો હાલાકી ભોગવી રહ્યા છે. રાજ્ય





સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા પેકેજથી કેટલાક ખેડૂતો સંતુષ્ટ છે. જ્યારે ઘણા ખેડૂતોને આ પેકેજ અપૂરતું લાગી રહ્યું છે. અનેક સ્થળે એવું પણ બન્યું છે કે, ભોગ બનનાર ખેડૂતોને તેનો લાભ મળ્યો નથી. ત્યારે આ બાબતે તાત્કાલિક યોગ્ય કરવામાં આવે તે જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, આજે સવારથી માર્કેટિંગ યાર્ડ ખાતે વાહનોની લાંબી લાઈન લાગી હતી. જેને લઈને યાર્ડના ડિરેક્ટરો તેમજ સ્ટાફ દ્વારા તેની ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં મોટા પ્રમાણમાં મગફળીની આવક થતી હોય છે. જેને લઈને આજે યાર્ડનાં મગફળી વિભાગમાં મૂહુર્તના સોદાઓ પણ કરવામાં આવ્યા હતા. આ તકે યાર્ડના ચેરમેન સહિત વેપારીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને યાર્ડ જણસીઓથી ઉભરાઈ ગયું હતું.

# સૌ.યુનિ. ફરી વિવાદમાં, Ph.D.ની ફીમાં 300 ટકાનો વધારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવા વર્ષના પ્રારંભ સાથે જ સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ પર ફિ વધારાનો બોઝો આવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પીએચડીના રજીસ્ટ્રેશનની ફિમાં અધધ કહી શકાય એવો 300 ટકાનો વધાો ઝિંકી દોધો છે. પીએચડી નોંધણી માટે ઉમેદવારોએ હવે રૂા.૧૫૦૦ જેટલી ફિ ચુકવવી પડશે. ફિમાં વધારો થતા પીએચડીના વિદ્યાર્થીઓમાં દેકારો મચી ગયો છે અને સમગ્ર કેમ્પસમાં રોષ જોવા મળ્યો છે. ફી માં થયેલા વધારાનું કારણ આપતા પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાના કો - ઓર્ડીનેટર દ્વારા આશ્ચર્યજનક જવાબ આપવામાં આવ્યો કે ખર્ચ સામે થતી આવક ખૂબ જ ઓછી હોવાથી ફી વધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે હકીકત એ છે કે આ વર્ષે ૨૯ માંથી ૨૬ વિષયની તો પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા જ લેવાની નથી તો ખર્ચ શેનો ? આ મામલે સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા અને વિદ્યાર્થી નેતાએ વિરોધ નું એલાન કર્યુ છે જો ત્રણ દિવસમાં ફી વધારો પરત ખેંચવામાં નહીં આવે તો કુલપતિનો ઘેરાવ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા પીએચડીમાં એડમિશન માટે જીકાસ મારફત ઓનલાઈન ફોર્મ ભરવાનુ ગત ૧ ઓક્ટોબરથી શરૂ થયુ હતુ ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા મોડે મોડેથી ૫ ઓક્ટોબરના પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે જે વિદ્યાર્થીઓએ નીટ એટલે કે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ પરીક્ષા પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓને જ પીએચ.ડી.માં એડમિશન મળશે.

# રાજકોટમાં દિવાળી વેકેશનમાં ધોળકિયા - મોદી સ્કૂલ ચાલુ

## ABVPના કાર્યકરો સ્કૂલ બંધ કરાવવા ગયા તો ધોળકિયા સ્કૂલના સંચાલકે સંઘનાં પ્રાંત સંચાલકને ફોન કરી દબાણ લાવ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવાળીના વેકેશનમાં પણ શાળાઓ ચાલુ રાખવામાં આવી હોવાથી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના કાર્યકર્તાઓ આ શાળાઓ બંધ કરાવવા માટે પહોંચ્યા હતા. જે દરમિયાન શહેરની નામાંકિત ધોળકિયા અને મોદી સ્કૂલ ખાતે ૧૨ સાયન્સના JEE અને NEETના વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલી રહી હોવાનો બચાવ કરવામાં આવ્યો હતો. દરમિયાન ધોળકિયા સ્કૂલે ABVP પહોંચ્યું તો સંચાલક કૃષ્ણકાંત ધોળકિયા દ્વારા દિવાળીના વેકેશનમાં નિયમ ભંગ કરી ચાલુ રાખેલી શાળા બંધ કરવાને બદલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના પ્રાંત સંચાલક મુકેશ મલકાણને ફોન કર્યો હતો અને ABVP ઉપર દબાણ લાવવાનો પ્રયાસ કરતા આશ્ચર્ય જન્મ્યું હતું. બીજી તરફ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ પણ ઉપરોક્ત બંને સ્કૂલોને નોટિસ આપવાને બદલે દિવાળીમાં શાળા બંધ રાખવી તેવો પરિપત્ર જાહેર કરી સંતોષ માની લેશે તેવું જાહેર થયું હતું.

રાજકોટ ABVP મહાનગરના મંત્રી ભાર્ગવ ચૌહાણે જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકાર દ્વારા ૧૭ નવેમ્બર સુધી દિવાળી વેકેશન જાહેર કરવામાં આવેલો છે, તેમ છતાં રાજકોટ શહેરની કેટલીક શાળાઓ વેકેશન પૂર્ણ થાય તે પહેલા જ ખુલી ગઈ છે અને અહીં






શિક્ષણકાર્ય પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ૨૫ જેટલા વિદ્યાર્થીઓના ફોન આવ્યા કે વેકેશનમાં પણ અમારી શાળા ચાલુ છે. આજે રાજકોટ શહેરની નામાંકિત ધોળકિયા અને મોદી સ્કૂલમાં સરપ્રાઈઝ ચેકિંગ કર્યું, ત્યારે એવો જવાબ મળ્યો કે અહીં સરકાર અમને આવીને કહેશે કે બંધ રાખો, ત્યારે જ અમે સ્કૂલ બંધ રાખશું. સ્વનિર્ભર શાળાઓ પર કોઈ અંકુશ જ ન હોય તે રીતે તંત્ર ચાલી રહ્યું છે. રાજકોટ શહેરમાં બાલાજી હોલ પાસે આવેલી ધોળકિયા અને ઈન્દ્રપ્રસ્થનગરમાં આવેલી મોદી સહિતની શાળાઓમાં પહોંચ્યા તો જવાબ મળ્યો કે JEE અને NEETની પરીક્ષા આવી રહી હોવાથી તેની તૈયારી માટે વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવામાં આવ્યા છે અને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે, જેથી બાદમાં અમે જિલ્લા શિક્ષણ અધિકારી સમક્ષ પહોંચ્યા હતા. જ્યાં તેમને વાત કરી કે દિવાળીના વેકેશનમાં પણ પરીક્ષાના નામે વેકેશનમાં પણ શાળાઓ ચાલુ રાખવામાં આવે છે. જેથી ઈન્ચાર્જ DEO દીક્ષિત પટેલે દિવાળી વેકેશનમાં શાળા ચાલુ ન રાખવા પરિપત્ર કરવાની બાંયધરી આપેલી છે.

# રાજકોટના મોટાવડા ગામમાં વિદ્યાર્થીને મરવા મજબૂર કરનાર ત્રણ શિક્ષક સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લોધિકા તાલુકાના મોટાવડા ગામે ધો. ૧૧ કોમર્સના વિદ્યાર્થી ધ્રુવીલ વરૂએ ૧૯ ઓક્ટોબરના ૩ શિક્ષકોના ત્રાસથી સુસાઈડ નોટ લખી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જે ઘટનામાં વિદ્યાર્થીને મરવા મજબૂર કરનારા આચાર્ય સચિન વ્યાસ, કાયમી શિક્ષક મોસમી શાહ અને જ્ઞાન સહાયક વિભૂતિ જોષી સામે ૨૦ ઓક્ટોબરના લોધિકા પોલિસે એફઆઈઆર દાખલ કરી હતી. જો કે, ત્યારથી એટલે કે, ૧૭ દિવસથી ત્રણેય શિક્ષકો ફરાર છે. આ દરમિયાન આ ત્રણેય શિક્ષકોએ ગોંડલ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જો કે, તેમની અરજી કોર્ટમાં નામંજૂર થઈ છે. જેથી હવે પોલીસ દ્વારા ત્રણેયની ધરપકડ કરવામાં આવશે.

બીજી તરફ રાજકોટના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે ત્રણેય શિક્ષકને સસ્પેન્ડ કર્યા છે અને તેનો રિપોર્ટ રાજ્ય સરકારને મોકલી આપ્યો છે.રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, લોધિકાના મોટાવડાની સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧૧ના વિદ્યાર્થી ધ્રુવીલ વરૂએ આપઘાત કરી લીધાની ઘટનામાં સ્કૂલના આચાર્ય સહિત ત્રણેય શિક્ષકોનો લેખિત ખુલાસો પૂછવામાં આવ્યો હતો. પરંતુ તેમનો હજુ સુધી જવાબ આપ્યો નથી અને તેમની સામે પોલીસ કેસ પણ નોંધાયો છે. ત્યારે આ બંને બાબતને ધ્યાનમાં ત્રણેય શિક્ષકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેનો રિપોર્ટ રાજ્ય કક્ષાએ મોકલી દેવામાં આવ્યો છે અને હવે ત્યાંથી જ આ શિક્ષકોને કઈ જગ્યાએ મૂકવા તેનો



નિર્ણય થશે.આ અંગે લોધિકા પોલીસ સ્ટેશનના પીઆઈ શર્માને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, મોટાવડા ગામની સરકારી શાળાના વિદ્યાર્થીએ આપઘાત કરી લીધાની ઘટનામાં ત્રણેય શિક્ષકોએ ધરપકડથી બચવા માટે આગોતરા જામીન મૂક્યા હતા.

પરંતુ તે કોર્ટ દ્વારા નામંજૂર થયેલા છે. ત્રણેય શિક્ષકો રાજકોટ રહે છે પરંતુ તેમના ફોન બંધ આવે છે અને તેમના ઘરે તપાસ કરવામાં આવતા ત્યાં પણ હાજર મળી આવ્યા નથી. તેમને ઝડપી લેવા માટે તપાસ ચાલુ છે. સુસાઈડ નોટમાં જેમનો ઉલ્લેખ કરાયો છે તે ૩ શિક્ષક સામે વિદ્યાર્થીને મરવા મજબૂર કરવા બદલ બીએનએસ કલમ ૧૦૮ તથા ૫૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટનું બેડીનાકા રેનબસેરા ખંડેર હાલતમાં:છતના પોપડા ખરીને સળિયા દેખાતા હાડપિંજર જેવી સ્થિતિ, સેટી પલંગ ભંગાર બન્યાં, બારીના કાચ ફૂટી ગયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકારની પંડિત દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ રાજકોટ મનપા દ્વારા શહેરમાં અલગ-અલગ ૬ સ્થળોએ રેનબસેરા ઉભા કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે આ રેનબસેરામાં એક દિવસ રહેવા માટે શ્રમિકોએ માત્ર રૂ. ૫ ભાડું ચૂકવવાનું હોય છે. જેના કારણે અન્ય શહેરોમાંથી બાંધકામ સહિતનાં વ્યવસાય માટે કેટલાક સમય માટે રાજકોટ આવેલા શ્રમિકોને તેનો લાભ મળે છે. જોકે, આ પૈકી અમુક રેનબસેરા યોગ્ય જાળવણીનાં અભાવે ખંડેર બની ચૂક્યા છે. જેમાં બેડીનાકા પાસે આવેલું એક રેનબસેરા સાવ ખખડધજ હાલતમાં જોવા મળ્યું છે. અહીં બારીઓનાં કાચ ફૂટેલા તેમજ છતમાંથી પોપડા ખરતા સળિયા દેખાઈ રહ્યા છે અને હાડપિંજર જેવી હાલત થઈ ગઈ છે. જોકે, આ રેનબસેરાને ડિસમેન્ટલ કરી નવું બનાવવાનું હોવાનો બચાવ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો હતો.



પ્રાપ્ત વિગત મુજબ ગુજરાત સરકાર દ્વારા બાંધકામ કામદારો અને મજૂરોના જીવનધોરણમાં સુધારો લાવવા માટે નસ્રશ્રમિક બસેરા યોજનાસ્રસ્ર શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ મનપા દ્વારા બેડીનાકા, ભોમેશ્વર વાડી, હોસ્પિટલ ચોક, મરચા પીઠ, રામનગર આજી વસાહત અને આજીડેમ ચોક ખાતે રેનબસેરા ઉભા કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટનાં બેડીનાકા પાસેના રેનબસેરાની હાલત અત્યંત બિસ્માર તેમજ જર્જરિત બની છે. અને અહીં જરૂરિયાતમંદ લોકો રહી શકે તેવી કોઈપણ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. બેડીનાકા ખાતેનાં રેનબસેરાનાં સ્લેબમાં હાલમાં સળિયા દેખાઈ રહ્યા છે. તેમજ અંદર રાખેલો શેટી સહિતનો બધો સામાન ધૂળ ખાઈ રહ્યો છે. જેને કારણે હાલ રેનબસેરા બંધ છે. હવે આ રેનબસેરાને સંપૂર્ણ ડિસમેન્ટલ કરી તેની સામે નવું રેનબસેરા ઉભું કરવામાં આવનાર છે. જોકે, હાલના રેનબસેરાને ફરીથી રિનોવેટ કરવામાં આવે તો ખૂબ ઓછા સમય તેમજ ખર્ચે ફરી કાર્યરત કરી શકાય તેમ છે. આમ છતાં પ્રજાના પૈસાનો ધુમાડો કરવો હોય, તેમ આ રેનબસેરાને ડિસમેન્ટલ કરી નવું બનાવવા વિચારણા કરવામાં આવી છે. ત્યારે અધિકારીઓ અને પદાધિકારીઓને જાણે પ્રજાના રૂપિયાની પડી જ ન હોય તેવો ઘાટ ઘડાયો છે. ગુજરાત સરકાર દ્વારા રેનબસેરા શરૂ કરવા માટે નિર્ણય લેવામાં આવ્યો તેની પાછળનો મુખ્ય હેતુ એ જ છે કે, જે ફૂટપાટ ઉપર સૂતા હોય અથવા તો રેલવે સ્ટેશન પર સૂતા હોય, તેઓને યોગ્ય વ્યવસ્થા મળે, એટલે કે આરામ કરવા માટે જગ્યા મળી રહે તે માટે આ ખાસ યોજનાની અમલવારી શરૂ કરવામાં આવી હતી. પરંતુ આજ દિન સુધી જે હેતુ સિદ્ધ થવો જોઈએ, તે હજુ સુધી સિદ્ધ થયો નથી. એટલું જ નહીં, મોટાભાગે લોકો આ રેનબસેરામાં આવવા તૈયાર થતાં નથી.

# વીરપુરથી ગોમટા સુધી ચાર કીલો મીટર ટ્રાફિકજામ



રાજકોટ જેતપુર નેશનલ હાઈવે સિક્સ લેનની કામગીરીને લઈને ટ્રાફિકની સમસ્યા સર્જાવા પામી છે. લાભ પાંચમ ને લઈને પ્રવાસીઓ પર્યટન સ્થળ પરથી પોતાના વતન તરફ વળ્યાં છે ત્યારે વિરપુર થી લઈને ગોમટા ચોકડી સુધી ૪ કિલોમીટર સુધી નો ટ્રાફિક જામ સર્જાયો છે.ગત સાંજે સતત બે કલાક સુધી ટ્રાફિક જામ થતા મુસાફરો અને ખાસ કરીને મહીલાઓ પરેશાન બની હતી. વાહનચાલકોમાં પણ ધિરજ ખુટી હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા વાહનચાલકો પોતાના વાહનો લઈને રોંગ સાઈડ માં ચલાવવા લાગ્યા હતા. ટ્રાફિક જામ નાં પગલે જીલ્લા ટ્રાફિક પોલીસ, વિરપુર તથા ગોંડલ પોલીસ હાઈવે પર દોડી જઈ ટ્રાફિક ક્લિયર કરાવવા પ્રયત્ન હાથ ધર્યા હતા. રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર સિક્સલેનની કામગીરીને લઈને જે હાઈવે પરની ગામડા ની ચોકડીઓ પર ઓવરબ્રિજ બની રહ્યા છે તેને કારણે હાઈવે કોન્ટ્રાક્ટ દ્વારા રોડ સાકડા કરી દેવામાં આવ્યા છે.

# આજીડેમ વિસ્તારમાંથી બે બાઈકની ઉઠાંતરી કરનાર બેલડી જામનગર રોડ પર ઝડપાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અગાઉ બે બાઈક ની ચોરી કરનાર બે શખ્સોને પોલીસે જામનગર રોડ પરથી દબોચી લઈ બે વાહન ચોરીના ભેદ ઉકેલવી નાખ્યા છે. અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચના પી એસઆઈ વી ડી ડોડીયા ની સૂચનાથી કોન્સ્ટેબલ રાજેશભાઈ તથા અમિતભાઈ તથા અશોકભાઈ સહિતનો સ્ટાફ જામનગર રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ખેરડી ગામે રહેતો જયેશ દિલીપ દુધરેજીયા અને ગઢકા ગામે રહેતો રામુ કાંતિ બારૈયા નામના બે શખ્સોને બે ચોરાઉ બાઈક સાથે દબોચી લઈ પૂછપરછ કરતા આ બંને શખ્સોએ આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે બાઈકની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી



### અવસાન નોંધ



મૂળગામ ભેંસદળ હાલ રાજકોટ નિવાસી સ્વ. શ્રી મનહરભાઈ મુળજીભાઈ રાઠોડ જે ભારતીબેનના પતિદેવ, દિપ્તીબેન, રેખાબેન,જીજ્ઞાબેન,કમલેશભાઈ (સીતારામ) અને કિરીટભાઈના પિતાશ્રી, સ્વ. કાંતિભાઈ અને સ્વ.દિલીપભાઈના ભાઈ, નિલેશભાઈ અને મનીષભાઈના કાકા, શ્યામ અને શુભમના દાદાનું તા. ૦૩/૧૧/૨૦૨૪ રવિવારના રોજ અવસાન પામેલ છે. જેમનું બેસણું તા.૦૭/૧૧/૨૦૨૪ ગુરુવારના રોજ નિવાસ સ્થાને સાંજે ૪ થી ૬ નવલનગર -૨ મેઈન રોડ ખાતે રાખેલ છે. મોં. ૯૯૦૯૭૮૨૭૧૪

# પડધરીના ન્યારા નજીક કાર હડફેટે સ્કૂટર માસુમનું મોતઃ માતા-પિતાને ઈજા

## રાજકોટ હોટલમાં જમીને પરત જતી વખતે સર્જાયો અકસ્માતઃ પુત્રના મોતથી પરિવારમાં ગમગીની

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-જામનગર હાઈવે પર પડધરીના ન્યારા ગામના પાટીયા પાસે સોમવારની મોડી રાત્રે કારની ઠોકરે સ્કૂટર ચડી જતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ૮ વર્ષના બાળકનું ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું.જ્યારે - માતા-પિતાને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પરાપીપળીયા પાસે આવેલા હાથી મસાલા કંપનીમાં નોકરી કરતું દંપતિ પરિવાર સાથે - રાજકોટ હોટલમાં જમીને પરત જતુ હતુ ત્યારે જ અકસ્માતમાં પુત્રનું મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

જાણવા મળતી વિગત મુજબ મુળ - વઢવાણના વતની અને છેલ્લા ૨૦ વર્ષથી પડધરી નજીક - પરા પીપળીયા



ગામે આવેલી હાથી મસાલા કંપનીમાં - નોકરી કરતા પ્રહલાદભાઈ સોંડાભાઈ લકુમ (ઉ.વ.૪૦) - તેના પત્નિ પારૂલબેન (ઉ.વ.૩૩) તથા પુત્ર પ્રિન્સ (ઉ.વ.૮) સાથે સોમવારે સાંજે રાજકોટ જામનગર રોડ પર આવેલી હોટલમાં જમવા ગયા હતા.જ્યાથી સ્કૂટરમાં પરત ઘર તરફ જતાં હતાં ત્યારે રાતે બારેક વાગ્યે ન્યારા ગામના પાટીયા પાસે પહોંચતા કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ત્રણેયને ઈજાઓ થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે ૮ વર્ષના પ્રિન્સનું સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું. જ્યારે પારૂલબેનની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતા પડધરી પોલીસ મથકના એએસઆઈ કે.કે. ગઢવીએ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતકના પ્રિન્સના પિતા પ્રહલાદભાઈની ફરિયાદ પરથી કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પ્રિન્સ એક બહેનથી નાનો હતો. તેની મોટી બહેન બીજા સગાના વાહનમાં બેઠી હતી.અકસ્માતમાં કારચાલક વચલીધોડી ગામે રહેતા ક્રિપાલસિંહને પણ ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

